# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

ભલભલાનું તપાસપંચે ભજન થઇ જાય છે,
- અને કાળી ટીલી વાળાનું ય પૂજન થઇ જાય છે,
ગૂંજન થઇ જાય છે 'ગુન્હેગાર' નિર્દોષ હોવાનું -
પડે ખંજન, દુર્જનના ગાલે 'સજ્જન' થઇ જાય છે.
(સજ્જનકુમાર નિર્દોષ)

## હાઇકુ

હવે જેલમાં,
લડે રાજકારણ..
યાદવા સ્થળી..
(પાકિસ્તાન-કાશ્મીર)

ઝિલાતાં નથી,
નગરની જટામાં -
નર્મદા નીર
(રોજ, પાઇપલાઇન ફાટે છે)

## ચિંતન

યદિચ્છસિ વશીકર્તૃં જગદેકેન કર્મણા ।
યરાપવાદ સસ્યે ભ્યો ગાં યરતી નિવારય ॥

'જો તમે તમારા એક માત્ર કર્મથી જ જગતને વશીભૂત કરવાની ઇચ્છા રાખતા હો તો બીજાની નિંદા રૂપી ધાન્યના ખેતરોમાં ચરતી તમારી વાણી રૂપી ગાયને પાછી વાળો - અર્થાત બીજાની નિંદા કરવાનું બંધ કરો..'

શત્રુ અને મિત્ર બનાવવાનું કારણ માત્ર આપણી જીભ છે બધાના સદ્દગુણ જોઇ તેની પ્રશંસા કરવાની મિત્ર બને છે અને કોઇની ગેરહાજરીમાં તેમની ટીકા કરવાથી કે કોઇની સાથે કડછો વહેવાર કરવાથી દુશ્મન બને છે.

સામાન્યતઃ આપણી વાતચીતના વહેવારમાં કોઇની ગેરહાજરીમાં તેના સદ્દગુણ સારી ટેવોના વખાણ કરવાનું ભાગ્યે જ આવે છે પણ કોઇની નિંદા કરવી હોય અને તેની ગેરહાજરી હોય ત્યારે તો કોઇનાં રેઢાં પડેલાં ખેતરમાં ભેલાણની ટેવ પડી ગઇ હોય તેવી ગાય - ને છૂટી મુકી દીધી હોય અને મન મૂકીને 'ચરવા' લાગે તેમ નિંદા - ટીકાની ટેવવાળાં આંખો મીંચીને કોઇનાં અવગુણ - દોષ ગાવા લાગે છે.

એક આંગળી જયારે આપણે સામી વ્યક્તિ તરફ ચીંધીએ છીએ ત્યારે બાકી ત્રણ આપણા તરફ વળેલી હોય છે એ ભૂલી જવાય છે.

જો જગતને વશીભૂત કરવું હોય તો કોઇની પણ નિંદા કરો નહીં, શક્ય હોય તો સાંભળો પણ નહીં, કોઇનું સારૂં ન બોલાય તો વાંધો નહીં પણ ખરાબ તો ન જ બોલવું.

## સુવિચાર

- પ્રેમ એકબીજાને પુષ્પની સોનેરી સાંકળથી બાંધે છે - ગેટે
- ગટરમાં તો આપણે બધા પડેલા જ છીએ પણ કોઇકની નજર આકાશમાં તારા પર મંડાયેલી હોય છે - ઓસ્કાર વાઇલ્ડ
- માણસ જેમ વધારે સંસ્કૃત અને શિસ્તબદ્ધ તેમ વધારે દુ:ખી - ચેખોબ
- મહાન કાર્યો કરવા માટે સૌથી પ્રથમ જરૂરીયા છે આત્મવિશ્વાસની - જોન્સન
- જે માણસ સતત તમારા વખાણ જ કર્યા કરતો હોય એનો વિશ્વાસ - જોન્સન
- આપણે મોટા દોષ છૂપાવવા માટે નાના દોષની કબૂલાત કરતા હોઇએ છીએ - રોશે ફુકોલ્ડ
- તમામ દુખોના દર્દનું ઓસડ છે ધીરજ અને આશા - સોક્રેટીસ

## બોધ કથા

આજકાલ તોફાન-વાવાઝોડા-અકસ્માત-મૃત્યુમાં સરકાર પાસેથી કેમ વધારે રાહત-ગ્રાંટ પડાવવી એના જ પેંતરા ગોઠવાતા હોય છે. એમાંય NGO સ્વૈચ્છિક સંસ્થાઓ સેવાના બૂરખા નીચે સરકારને લૂંટવાનું જ કામ કરતી હોય છે એક નો એક પ્રોજેક્ટ અલગ અલગ ખાતાંને રજૂ કરી પૈસા પડાવે.

મનુભાઇ પંચોલી સાચા ગાંધીવાદી વિચારક અને અનુયાયી - એમણે 'લોકભારતી' નામની શિક્ષણ સંસ્થાઓ વિકસાવી જેમાં કૃષિ, ગોપાલન અને પંચાયતી રાજના તાલીમ વર્ગો નોંધનીય હતી. નિષ્ઠાવાન-ગાંધી વિચાર ધરાવતાં શિક્ષકોથી 'લોકભારતી'નું સૌંદર્ય અને નામના ફેલાયાં હતા.

લોકભારતી સંસ્થાને યુજીસીની ગ્રાંટ મળતી હતી - હવે ગોપાલન કોલેજમાં તે વખતે કોમ્પ્યુટરની જરૂર ન હતી - એટલે કોમ્પ્યુટરની રકમ પરત આપી - ત્યારે કમીશને સામેની કહ્યું તમને ગ્રાંટ મળી જ છે તો કોમ્પ્યુટર ખરીદી લ્યો ને?

મનુભાઇએ કહ્યું - ભાઇ મફતમાં ઝેર મળતું હોય તો એ લઇ લેવાનું? મારે તો છત્રાકવાળા અંબર ચરખાની જરૂર છે - કોમ્પ્યુટરની નહીં!

સ્વૈચ્છિક સંસ્થાની આ હતી ગાંધીવાદી નિષ્ઠા.

E-mail : sureshchandrabhatt18@gmail.com

# આ કથાની મહત્તા એ છે કે સાવ વંચિત સ્થિતિમાં રહેતી સ્ત્રીઓને માટે એનાં સ્વાશ્રય એ સ્વાભિમાનનો સમર્થ સંદેશ છે

## હું રસ્તે રઝળતી વારતા

- અચના કમલેશ

થોડા સમય પહેલાં એક સ્ત્રીની કથા વાંચેલી. તેનું નામ બેબી હાલ્દર. જેને સમાજમાં ચાલી રહેલાં અત્યાચાર. કુરિવાજોનો સામનો કરીને દુનિયામાં કેવી રીતે જાણીતી થઈ તેની માહિતી આ લેખનાં માધ્યમથી જોઈએ.

બેબી હાલ્દર નામે ઘરકામ કરીને પોતાનાં બાળકોનું જીવનપાયન કરનારી એક બંગાળી યુવતીની આત્મકથા ૨૦૦૬માં અંગ્રેજીમાં પ્રગટ થઈ અને તરત જ દેશભરમાં ધ્યાનપાત્ર બની ગઈ. માંડ પાંચ સાત તથા તે પછી યાતના જ યાતના ભોગવનારી, યાતના જોનારી, પરંતુ અસામાન્ય લાગે એવી હિંમતથી એ યાતનાઓમાંથી ઊંચે ઊઠીને નોંધપાત્ર જીવન પામનારી એક યુવતી તરીકે એ સદા યાદ રહેશે અને ખુદ આ પુસ્તકની સર્જનકથા પણ યાદ રહેશે. એક આત્મશિક્ષિત અને પારકાં ઘરકામ કરીને જીવનારી, યુવતી, પોતાને કામે રાખનાર એક એવી આત્મકથા લખે જે દેશભરમાં સહાનુભૂતિ શીલ નાગરિકોનું ધ્યાન ખેંચે તેનું સર્જન પણ પ્રશંસનીય જ ગણાય ને!

આપણા દેશમાં ૯૮ ટકા વિદ્યાર્થીઓ એક યા બીજા પ્રકારની શારીરિક, માનસિક, નૈતિક, ગૌરવલક્ષી - શિક્ષા ભોગવે છે. આ બધા પ્રકારની યાતનાઓ ભોગવનાર સ્ત્રીઓની ટકાવારી પણ આથી બહુ જુદી નહિ હોય. બેબી હાલ્દરની જીવનકથામાં આવી ઝલક મળે છે. ખાસ કરીને નિમ્ન ગણાતી અને ગરીબ જ્ઞાતિઓની જનસમૂહોની સ્ત્રીઓની તો આ જ દશા છે. બેબી હાલ્દરે પોતાની જ્ઞાતિ જણાવી નથી, પરંતુ એના વર્ણન પરથી જણાય છે કે એ નિમ્ન ગણાતી કોઈ જ્ઞાતિમાં જન્મી હશે. એની જ્ઞાતિની એક ખાસિયત એ છે કે પરિવાર ગમે તેટલો ગરીબ હોય, પતિ લગભગ કશું જ કમાતો ન હોય, છતાં સ્ત્રીને પૈસા કમાવા માટે ઘર બહાર જવાની છૂટ નથી મળતી. એણે ઘરમાં રહીને જ ગરીબી, માર, શારીરિક આક્રમણો અને અપમાનો સહન કરવામાં હોય છે.

**બસ, આ એક વાક્ય બેબીના મસ્તકમાં ઘર કરી જાય છે, શા માટે આ યાતનામય જિંદગી છોડી ન દેવી? શા માટે મારૂં અને મારાં છોકરાઓનું જીવન સુધરે એવી કોશિશ ન કરવી? આમ ને આમ કયાં સુધી સહન કરવું?**

આપણી આજુબાજુ પણ આવા અસંખ્ય પરિવારો છે. જયાં પતિઓ ભાગ્યે જ કશું કમાય છે, છતાં સ્ત્રીને બહાર જવા દેતા નથી અને કેટલાક એવા પરિવારો પણ છે જેમાં પતિ માત્ર દારૂ પીને તોફાન કરવામાં વ્યસ્ત રહે છે અને પત્ની તથા બાળકીઓએ પારકાં ઘરકામ ખેંચવાનાં હોય છે.

બેબી હાલ્દરનો પિતા તદ્દન બેજવાબદાર માણસ હતો. એના હાથ માત્ર બેબીની માને પીટવાનું જ કામ કરતા અન્ય કશું કામ ન કરતા! પરંતુ બચ્ચાં પેદા થયા કરતા. આવી સ્થિતિથી એ બાઈ તંગ આવી ગઈ. પાગલ બની ગઈ અને પાગલ અવસ્થામાં જ પોતાનાં નાનકા છોકરાને લઈને કયાંક જતી રહી. કયાં? કોણ ભાણ કાઢે? છોકરાં તો નાનાં હતા અને પતિને પડી ન હોતી! એણે તો તરત જ બીજાં લગ્ન કર્યો!

અહીં વિચારવામાં જેવો મુદ્દો એ પણ છે કે 'આવા' માણસને પણ કન્યા આપનારા હોય છે! એનું કારણ પર સમજી શકાય એવું છે. એ કન્યાનો પરિવાર પણ આવો જ હોય છે અને ત્યાં પણ છોકરીને જલદી જલદી કોઈકને વળગાડી દેવાની ઉતાવળ હોય છે, જેથી એનો રોટલો કાઢવો ન પડે!

વાસ્તવમાં બેબી હાલ્દર સાથે એ જ વ્યવહાર થયો. નવી મા એને કાઢવા માગતી હતી. બાપ એનો નિકાલ કરવા માગતો હતો. માત્ર બાર વર્ષની બેબીને એનાથી બમણી કરાંય વધુ ઉંમરના આદમી સાથે પરણાવી દેવામાં આવી. એ આદમી પણ એના વર્ગના અન્યોની જેવો જ ગહતો. દારૂડીયો, મારફડિયો અને આક્રમક. બેબી હજુ પુરાં ૧૪ વર્ષનીય નહોતી ત્યાં સગર્ભા બની. પતિ એના પર સતત આક્રમણ કરતો રહ્યો અને બચ્ચું જન્મવાની વેળા આવી ત્યારે હોસ્પિટલને દરવાજે ફેંકીને જતો રહ્યો. કાચી ઉંમરની અણસમજુ દીકરી અને પ્રસૂતિની પીડા - બેબીને જે વોર્ડમાં સુવડાવવામાં આવેલી ત્યાં એની પીડાભરી ચીસોથી અન્ય દર્દી સ્ત્રીઓ ત્રાસી ગઈ. એમની ફરિયાદ પછી બેબીને એક અન્ય રૂમમાં ખસેડવામાં આવી. અહીં એને એક ટેબલ પર સુવડાવવામાં આવી અને એના હાથ તથા પગ પણ બાંધી દેવામાં આવ્યાં! કદાચ ડૉકટરો - નર્સોને એ પાગલ લાગી હશે!

બેબી આવી સ્થિતિમાંથી જીવતી રહી, કારણ કે માનવીને જિજીવિષા પણ ગજબની મળેલી છે. વળી, એ જુએ છે કે પોતાની આસપાસની જિંદગી પણ આવી જ છે. બધે ગરીબી, યાતના અને અભાવો જ છે અને આ વર્ગની સ્ત્રીઓ સામેના અપરાધો બદલ કશી સજા પણ થતી નથી. બેબીની પડોશો એક પુરૂષ એની પત્નીને મારી નાખે છે અને એને જલાવી દે છે. સ્ત્રી પોતાના મરણમુખ નિવેદનમાં આવું લખાવે પણ છે. પરંતુ પેલા પુરૂષને કશું થતું નથી! આ દરમિયાન, એ મરનાર સ્ત્રીનાં બાળકોનાં કલ્યાણ માટે 'પૂજા' યોજાય છે. બેબીએ પૂજામાં જોડાય છે, એથી એના પતિને ગુસ્સો આવે છે. એ ધસી આવીને બેબીના વાળ પકડીને એને ઘસડી જાય છે. આથી પૂજામાં ભેગી થયેલી સ્ત્રીઓ એ લોકોને ઘરે ધસી જાય છે અને એના પતિને ખૂબ ઠપકો આપે છે. આ દરમિયાન એક સ્ત્રી બોલી ઊઠે છે, 'હાય, હાય, આ મુઈ આવા ધણીને સાથે રહે છે શું કામ!'

બસ, આ એક વાક્ય બેબીના મસ્તકમાં ઘર કરી જાય છે. શા માટે આ યાતનામય જિંદગી છોડી ન દેવી? શા માટે મારૂં અને મારાં છોકરાઓનું જીવન સુધરે એવી કોશિશ ન કરવી? આમ ને આમ કયાં સુધી સહન કરવું?

આવા વિચાર પછી, પ્રથમ તો, બેબીએ પોતાની જ્ઞાતિની એક પરંપરા તોડી : એણે સંપન્ન પરિવારોમાં ઘરકામ શરૂ કર્યું. પરંતુ પહેલી કમાણી હાથમાં આવી કે તરત છીનવાઈ ગઈ. એ વિશે બેબી કશુંક બોલી કે તરત માર પડ્યો. બસ, ઊંટની પીઠ પરનું એ અંતિમ તણખલું સાબિત થયું. વળતે દિવસે એણે સંતાનો સાથે દિલ્હીની ટ્રેઈન પકડી લીધી. અજ્ઞાત, અનંત, અગાધ દુનિયામાં કુદી પડી! પરંતુ કાયમનાં માર અને યાતનાઓથી તો એ સારૂં હતું.

વધારે સારૂં એ થયું કે દિલ્હીમાં કેટલીક ખતાઓ ખાધા પછી એક નિવૃત્ત પ્રોફેસર પ્રબોધકુમારના ઘરમાં એને ઘરકામવાળી તરીકે કામ મળ્યું. અહીં બેબીને રહેવા માટે ઓરડી મળી. છોકરાંઓને નિશાળે મૂકયાં. એક દહાડો પ્રોફેસરે પૂછ્યું કે ઘરકામ પછી તું શું કરે છે? કશું વાંચે છે ખરી? ભણી છે? પ્રોફેસરે એને તસલીમા નસરીનનું પુસ્તક 'કિશોરી અવસ્થાના મારા દિન' વાંચવા આપ્યું. બેબીએ પોતાના નિરાંતના સમયમાં એ ટુકડે ટુકડે વાંચ્યું. પ્રોફેસર સાથેએ વિશે વાતો કરી. પ્રોફેસરે સૂચવ્યું કે ત્યારે તારી કથા પણ લખને?

અને બેબીએ પેલી નિશાળિયાઓની જેવી નોટબુકોમાં પોતાની કથા લખી. મૂળે એ બંગાળીમાં લખાયેલી, પછી એનું હિન્દી થયું. એકાએક પ્રગતિશીલ નારીવાદી લેખનનાં પ્રકાશક ઉર્વશી બુટાલિયાના ધ્યાનમાં આ જીવનકથા આવી. એમણે એનો અંગ્રેજી અનુવાદ કરીને પ્રગટ કર્યો. તરત જ એ અનુવાદ 'બૅસ્ટ સેલર' તો બન્યો પરંતુ એ બજારૂં સફળતા કરતાં આ કથાની મહત્તા એ છે કે સાવ વંચિત સ્થિતિમાં રહેતી સ્ત્રીઓને માટે એનાં સ્વાશ્રય એ સ્વાભિમાનનો સમર્થ સંદેશ છે.

અંગ્રેજીમાં 'એ લાઈફ લેસ ઓર્ડિનરી' (જરાક કમ સાધારણ જીવન) શીર્ષક ધરાવતી આ આત્મકથાની કેટલીક ખાસિયતો છે. શરૂઆતમાં થોડાંક પાનાંને બાદ કરતાં એનું લખાણ સાહિત્યિક ઢબનું બને છે. પ્રસંગવર્ણનાં, વ્યક્તિવર્ણનો, સંવાદો, બધું સાહિત્યિક કક્ષાનું, વ્યક્તિવર્ણનો, સંવાદો, બધું સાહિત્યિક કક્ષાનું બનવા લાગે છે. સંભવતઃ બેબી તસ્લીમાની કિતાબ પછી અન્ય પણ કેટલીક કૃતિઓ વાંચવા લાગી હશે. અરે, કયાંક તો એણે બેબીને તૃતીય પુરૂષ તરીકે વર્ણવી છે! આત્મકથામાં પોતાને ઈતર તરીકે નિરૂપીને લખવું એ તો લેખનશૈલીનો ઉત્તમ પ્રયોગ ગણાય. બેબી હાલ્દર સ્વયંભૂ રીતે જ આવી શૈલી, આવી, ટેકનિક અજમાવે છે કે પ્રોફેસર પ્રબોધકુમારની પ્રેરણાથી, એ સવાલ છે પંરતુ આ ટેકનિક 'એ લાફઈ લેસ ઓર્ડિનરી'ને સાહિત્યની કક્ષામાં મુકી આપે છે. આ પણ એક કારણ છે કે આ પુસ્તકની સાર્વત્રિક પ્રશંસા થઈ છે.

# સ્વામી વિવેકાનંદને સમગ્ર રીતે આવરી લેતું સરળ અને યુવાપેઢીના વ્યક્તિત્વ વિકાસમાં ઉપયોગી સંપાદન

## શબ્દ સમીપે

- નટવર હેડાઉ

યુગ પુરૂષ સ્વામી વિવેકાનંદનો જન્મ સન ૧૯૬૩ની ૧૨મી જાન્યુઆરીએ થયો હતો. એ ઘટનાને ૧૫૦ વર્ષ થવા આવ્યાં. તે નિમિત્તે સમગ્ર દેશમાં અને વિશ્વમાં અનેક દેશોમાં સ્વામીજીની આર્ધ શતાબ્દી હર્ષોલ્લાસ પૂર્વક ઉજવાઈ રહી છે ત્યારે ગુજરાતની માટે ના જે કેટલાક પ્રયત્નો વિવેકાનંદના શાશ્વત સંદેશને પહોંચાડવા માટેના જે કેટલાક પ્રયત્નો થયા છે તેમાં આપણને પ્રસાદ બ્રહ્મભટ્ટ સંપાદિત ગ્રંથમાળા મળે છે. જેમાં વિવેકાનંદના કર્મયોગ વિશે, રાજયોગ વિશે, જ્ઞાનયોગ વિશે, શિક્ષણ વિશે, ભક્તિ વિશે અને વેદાંત વિશેનાં વિચારોનું ચયન કરીને નવી પેઢીના યુવાનો માટે વ્યક્તિત્વ વિકાસ અને સર્વાંગી વિકાસમાં ઉપકારક નીવડે તેવું સુંદર પ્રકાશન થયું છે. તેનાં વિશે આજે વાત કરવી છે.

**(૧) કર્મયોગ વિશે વિવેકાનંદ -**

સ્વામી વિવેકાનંદે વિવિધ સ્થળે અને સમયે આપેલાં કર્મયોગ વિષયક ચૌદ વ્યાખ્યાન અહીં એક સાથે આપવામાં આવ્યાં છે. શ્રી રામકૃષ્ણ આશ્રમ, રાજકોટ દ્વારા 'કર્મયોગ' શીર્ષકથા પ્રકાશિત પુસ્તિકામાં આઠ વ્યાખ્યાનો જોવા મળે છે. તે ઉપરાંત આશ્રમ દ્વારા જ પ્રકાશિત સ્વામી વિવેકાનંદ શતાબ્દી ગ્રંથમાળાના વિવિધ ભાગોમાં આ વિષય પર અપાયેલાં બીજાં છ વ્યાખ્યાનો પણ પ્રાપ્ત થયાં હોઈ એ વ્યાખ્યાનો પણ કર્મયોગ વિશે હોવાથી સંપાદકે તેનો સમાવેશ અહીં કર્યો છે. જેથી સ્વીમીજીના કર્મયોગ વિષકક બારે બાર વ્યાખ્યાનો અહીં એક જ પુસ્તકમાં એક સાથે મળી રહે છે જે તેની વિશેષતા છે.



**(૨) રાજયોગ વિશે વિવેકાનંદ -**

દરેક મનુષ્યના મનમાં, અતઃકરણમાં અનંત જ્ઞાન અને અસીમ શક્તિનું ઉગમ સ્થાન રહેલું છે. 'રાજયોગ' આ જ્ઞાન અને શક્તિને અભિવ્યક્ત કરવા માટે જરૂરી વ્યવહારૂ માર્ગદર્શન આપે છે. માનવ મનને એકાગ્ર કરીને પૂર્ણ સમાહિત સમાધિ અવસ્થા સુધી દોરી જવું એ એનું ધ્યેય છે. માનવ જીવનના સર્વોચ્ચ ધ્યેય આત્મ સાક્ષાત્કાર ને પ્રાપ્ત કરવામાં રાજયોગ એક ઉપયોગી સાધન છે. સ્વામીજી દ્વારા ન્યુયોર્કમાં શિક્ષાર્થીઓ સમક્ષ આપવામાં આવેલાં યોગ વિષયક વર્ગ - વ્યાખ્યાનો તથા મહર્ષિ પતંજલિનાં યોગ સૂત્રો પણ તેમણે કરેલાં, ભાષ્ય આ પુસ્તકમાં સંપાદિત કરી આપવામાં આવ્યું છે. ઈંગ્લેન્ડમાં અને ભારતમાં તેમણે આ વિષય પર આપેલાં વ્યાખ્યાનોની નોંધ પણ અહીં આપણને મળી રહે છે. 'પતંજલિનું યોગ દર્શન' વિશ્વ વિખ્યાત ગ્રંથ છે. તેને ભારતીય મનોવિજ્ઞાનને સ્વામીજીએ આધુનિક વૈજ્ઞાનિક શોધખોળના પ્રકાશમાં આધુનિક મનુષ્યો સરળતાથી સમજી શકે એવી ભાષામાં સમજાવ્યું છે.

**(૩) જ્ઞાનયોગ વિશે વિવેકાનંદ -**

સ્વામીજીના વ્યાખ્યાનો મનુષ્ય મનમાં સદા ઉદ્દભવતી જિજ્ઞાસાનું વૈજ્ઞાનિક પદ્ધતિથી તાર્કિક રીતે સમાધાન કરે છે. આધુનિક ભૌતિક વિજ્ઞાનની શોધખોળોનાં સંદર્ભમાં વેદાંતનું તત્વજ્ઞાન કેવી રીતે બંધ બેસે છે અને જીવન વ્યવહારમાં તેની કેવી ઉપયોગીતા છે તે અંગે સ્વામીજીએ ઈંગ્લેન્ડ અને અમેરિકામાં આપેલાં કેટલાંક વ્યાખ્યાનો પાછળથી 'જ્ઞાન યોગ' શીર્ષકથી પુસ્તકકારે પ્રગટ થયાં હતા. 'સરળ જ્ઞાન યોગ' નામથી તેનો સાર પણ પ્રકાશિત થયો છે. તેમાંથી પુનરાવૃત થતી બાબતોને દૂર કરી એક ગહન વિષયને સરળ બનાવવાનો સંપાદકે અહીં પ્રયાસ કર્યો છે.

**(૪) શિક્ષણ વિશે વિવેકાનંદ -**

સ્વામીજીએ જીવન અને ભારતીય તત્વજ્ઞાન સાથે સંકળાયેલા અનેક મુદ્દાઓ પર વ્યાખ્યાનો આપ્યાં હતા. જો કે તેમાં શિક્ષણ કે કેળવણી વિશે ખાસ વ્યાખ્યાનો ન હતા. પરંતુ તેમના અનેક વ્યાખ્યાનો, લેખો અને પત્રોમાં શિક્ષણ અને વ્યક્તિત્વ વિકાસ વિશેનાં વિચારો વ્યક્ત થયેલાં છે. એ બધાનું સંકલન અને સંપાદન કરી આ પુસ્તકમાં આપવામાં આવ્યું છે. જે ગુજરાતની નવી પેઢીને તેના વ્યક્તિત્વ વિકાસ અને સર્વાંગી વિકાસમાં ઉપકારક પુરવાર થશે તેમ જરૂરથી કહી શકાય.

**(૫) ભક્તિ વિશે વિવેકાનંદ -**

માનવ જીવનનું સર્વોચ્ચ ધ્યેય આત્મ સાક્ષાત્કાર - ભગવાન પ્રાપ્તિ થાય છે એ માટે જે ચાર યોગ પ્રચલિત છે એમાં ભક્તિ, ભક્તિયોગ અને ભક્તિ રહસ્ય વિષયક વ્યાખ્યાનોમાં પરમેશ્વર - પ્રેમ માટે સાધકની તૈયારીઓ, તેના સાધનો, પ્રભુપ્રેમ અને એ પ્રેમની પરિપક્વ દશાને અંતે પરા-ભક્તિ તથા પ્રેમાસ્પદ પરમાત્મા - બંનેનું પ્રેમમાં પરિણમતું ઐક્ય એ વિશે વિશદ છણાવટ કરી છે. જેમ કે પરમેશ્વરને પામવાના પુરુષાર્થને 'યોગ' કહે છે. મનુષ્ય દ્વારા નિષ્કામ કર્મના આચરણથી ઈષ્ટ પ્રાપ્તિ એટલે 'કર્મયોગ' વિવેક બુદ્ધિથી આ પ્રયત્ન એ 'જ્ઞાનયોગ' યમ નિયમાદિ સાધનો દ્વારા આત્મ સાક્ષાત્કાર એ 'રાજયોગ', પરંતુ ભક્તિ યોગમાં તો હૃદયના પ્રેમ દ્વારા પ્રેમાસ્પદ પરમાત્માનો પરિચય થાય છે. અને કલિયુગમાં ભક્તિ, ભગવાનના નામ ગુણગાન અને પ્રાર્થના - ભક્તિયોગ જ યુગધર્મ છે.

**(૬) વેદાંત વિશે વિવેકાનંદ -**

ભારતીય દર્શનમાં વેદાંતનું મહત્ત્વ સવિશેષ છે. વેદાંતનું તત્ત્વજ્ઞાન જીવન અને જગતના સ્વરૂપને સમજવામાં ઉપયોગી છે. સામાન્ય જન સમાજમાં એવી ભ્રામણ માન્યતા પ્રવર્તે છે કે વેદાંતના તત્ત્વજ્ઞાન અને વ્યવહારિક જગત વચ્ચે કશો સંબંધ નથી. આ ભ્રમના નિરસન માટે સ્વામીજીએ ચાર વ્યાખ્યાનો આપ્યાં હતા. વળી વેદાંતના વિવિધ પાસાંઓને સ્પષ્ટ કરવા માટે તેમણે વિવિધ પ્રસંગે અનેક વ્યાખ્યાનો આપ્યાં હતા, તે

(અનુસંધાન પાના નં. ૬ પર)

# ...એક વાત ધ્યાનમાં રાખવાની, હિંદુ - મુસ્લિમના ધર્મના વાડાઓ છોડી નીતિ અને પ્રામાણિકતાથી કામ કરશો તો જીવનમાં સફળ થશો

## ભાગી છૂટેલા સં-વેદના

- જય ગજ્જર

(ગતાંકથી આગળ...)

દાદર આવતાં બંને ઊતરી ગયા. સ્ટેશન બહાર નીકળતાં જ એક ભાઈ પર નજર પડી. બે પોટલા લઈ ઊભાં હતા. કદાચ પોર્ટરની રાહ જોતાં હશે એમ માની પાસે જઈને પૂછ્યું. 'સા'બ, મદદ શોધો છો'

'હા, આ બે પોટલાં મારા ઘર સુધી તમે બંને ઉપાડી લેશા?'

ગીતા હોંશિયાર હતી. પૂછી નાખ્યું, 'શું આપશો?'

'વીશ વીશ રૂપિયા...' અને એ ભાઈ બંને સામે આશ્ચર્યપૂર્વક જોઈ રહ્યા. 'કયાં જવાનું છે' એમ પૂછ્યાં વિના મુંબઈમાં વીશ રૂપિયામાં કુલી મળવો મુશ્કેલ છે!

બંનેએ પોટલાં ઉપાડ્યા. ચારેક માઈલ ચાલી એક ઘર આવતાં એમણે સવાલ કર્યો, 'બંને પતિ-પત્ની છો'

'હા. કેમ પૂછ્યું પડ્યું' ગીતાએ પૂછ્યું.

'કયાં રહો છો?'

'આજે જ ગામડેથી આવ્યાં છીએ. રહેવા ઘર નથી, ખાવા રોટલો નથી! કહે છે કે મુંબઈમાં રોટલો તો મળી રહે પણ ઓટલો મળવો મુશ્કેલ છે!'

આલમ એ શબ્દો સાંભળી ચમકયો. વર્ષો પહેલાંનો એ દિવસ યાદ આવી ગયો.

વિજાપુરની ભાગી એ મુંબઈ આવ્યો હતો ખિસ્સામાં કાકાએ આપેલી સોની એક નોટ લઈ ચાલુ ગાડીએ ચઢી બેઠો હતો. સાત દિવસ મુંબઈમાં રખડ્યો પણ કયાંક નોકરી ન મળી. સાતમે દિવસે એક મસ્જિદમાં ગયો. 'અલ્લાહ ઓ અકબર' કહીને નમાજ પઢી. એક મુસ્લિમ વેપારીની એની પર નજર પડી. છોકરો સારા ઘરનો સજ્જન લાગતાં એને કપડાંની દુકાન માટે સેવક તરીકે નોકરી રાખ્યો. ચાર વર્ષ પ્રામાણિક સેવક તરીકે છાપ પડી. એવામાં મુંબઈમાં મંદીનું મોજું ફરી વળતાં આલમે નોકરી ગુમાવી. પોળે પોળે ફરી સાડીઓ વેચવાનો વિચાર મનમાં ઝબૂકતાં એણે શેઠને વાત કરી. શેઠને વિચાર ગમી ગયો. પોળે પોળે ફરી સાડીઓ વેચવા માંડી. એને એમાં સારી સફળતા મળી. જયાં એક પોટલું વેચાતો ત્યાં બે પોટલાં વેચાવાં માડ્યો. એ શેઠની દુકાનમાંથી સાડીઓ લઈ આવતો. એક ઘેર મુકી એ વેચાઈ જતાં બીજું પોટલું લઈને બીજી પોળોમાં જતો. સારાય વિસ્તારમાં એક પ્રામાણિક અને સજ્જન વેપારી તરીકેની છાપ ઉભી કરી હતી. દાદર સ્ટેશને ઊતરી બે પોટલાં ઉપાડવા કુલી કરીને ઘરે જતો. કુલીને પોટલાના પચાસ રૂપિયા આપતો. આજ એને વિચાર આવ્યો કે 'આવા કોઈ છોકરાને રાખી લીધો હોય તો બપોરે ચક્કર ન મારવું પડે ને!'

એ વિચાર મનમાં ઝબકતાં એણે રાઘવને પૂછ્યું, 'મારી સાથે કામ કરવું છે?'

'કામ આપો તો જીવનભર તમારૂં ઋણ નહિ ભૂલીએ!' ઉત્સાહભેર ગીતા બોલી.

'તમને રોટલો અને ઓટલો બંને મળી રહેશે. તમારે બંનેએ મારે ઘેર રહેવાનું. તારે મારી સાથે રોજ આ સાડીઓ વેચવા આવવાનું. તારી બૈરીએ ઘેર રસોઈ કરવાની અને ઘર સંભાળવાનું. ઘર ખર્ચ માટે માથે અને આવકમાં પચ્ચીસ ટકા તારા... બોલ સોદો ગમશે?'

'તમે ગમે તે હો અમારા ભગવાન છો. જે આપશો તે ખુશીથી લઈશું. રહેવા ઘર મળે એથી વિશેષ આવડા મોટા શહેરમાં શું જોઈએ?'

'હું મુસ્લિમ છું. મારી સાથે રહેવાનો વાંધો નથી ને?'

'તમે ગમે તે હો. અમારે માટે તો દેવ છો!'

'એક વાત ધ્યાનમાં રાખવાની. હિંદુ - મુસ્લિમના ધર્મના વાડાઓ છોડી નીતિ અને પ્રામાણિકતાથી કામ કરશો તો જીવનમાં સફળ થશો. મારી રોજી મને હિંદુઓની પોળોમાંથી મળી રહે છે. એટલે મારે મન હિંદુઓ મારા જીવનદાતા છે.' રાઘવ અને ગીતાને આલમના વિચારો ગમી ગયા. નવા જીવનનો આનંદ અનુભવતાં બંને એકસાથે એને પગે લાગ્યાં અને નવા જીવનનો પ્રારંભ કર્યો...

રોજ સવારે રાઘવ આલમ સાથે એક પોટલું ઉપાડી લોકલ ટ્રેનમાં વિરે પાર્લે જાય. શેરીએ શેરીએ આલમ સાથે ફરે. ધીરે ધીરે એ વેપારમાં હોંશિયાર થતો ગયો. ગીતાને પણ આલમને ઘેર ફાવી ગયું. આલમ એક બાપની જેમ પ્રેમ વર્ષાવતો અને બહુ માન આપતો. એક પ્રેમાળ કુટુંબનો અનુભવ થવા લાગ્યો. ગીતા સવાર-સાંજ બંને માટે રસોઈ બનાવતી. કપડાં ધોતી, ઘરની સાફસૂફી કરતી. બપોરે ઘર માટે બધી ખરીદી કરતી. આ બધાનો આનંદ અનુભવતાં આલમના ઘરને સ્વર્ગ માની સ્વર્ગ બનાવવા બંને રોજ મથતાં.

આલમે એક દિવસ હૈયાની વાતનો પડઘો પાડતાં કહ્યું, 'ગીતાબહેન તમે તો આ ઘરને સ્વર્ગ બનાવી દીધું.'

'ગીતાબહેન નહિ, ગીતા કહો. તમે અમારા વડીલ છો. અમારા આશ્રયદાતા છો. તમે ન મળ્યા હોય તો આ અલબેલી નગરીમાં અમારી શી દશા થાત એની કલ્પના પણ કરી શકતાં નથી.'

'તમારાં આગમનથી રસોડાની કડાકૂટ મટી ગઈ અને સ્વાદિષ્ટ ભોજનનો લાભ મળ્યો એની શી વાત કરૂં?'

'અંકલ, એક વાત પૂછું?'

'પૂછો ને?'

'તમે લગ્ન કેમ ન કર્યા?'

'એવું નથી. એ મારા જીવનની એક કમનસીબ ઘટના છે. મેં એ વાત હૈયાના એક ખૂણે સંઘરી સદા માટે ભૂલી જવાની ગાંઠ વાળી છે.'

'એવી દુ:ખદ વાત હોય તો તમને દુ:ખી નથી કરવા. ભૂલી જાઓ એ સવાલ!'

'ના, એવું નથી. તમે હવે મારા સ્વજન બન્યાં છો. સુખની વાત સ્વજનને કહેવાથી એનો આનંદ બમણો થાય છે અને દુ:ખની વાત સ્વજનોને કહેવાથી દુ:ખ અર્ધું થાય છે અને હૈયું હળવું થાય છે એટલે તમને કહેવામાં વાંધો નથી. આજે પંદર વર્ષે તમે એક યાદ તાજી કરાવી છે ત્યારે હૈયે એક પ્રકારનો આનંદ થાય છે. કંટાળો આવે તો કહેજો.'

'અંકલ, તમારી વાત સાંભળવાનું મન છે એટલે કંટાલા શેનો આવે. તમારૂં હૈયું હળવું કરી તમારી યાદ તાજી કરો.'

વાત પંદર વીશ વર્ષ જૂની. છે. હું મહેસાણા જિલ્લાના વિજાપુરમાં એ વખતે રહેતો હતો. મને નાનો મુકીને મારા અબ્બાજાન ગુજરી ગયેલા. મારી મા કાલાં ફોલી ઘર ચલાવતાં. મારા કાકાને મારી અબ્બાજાન ગમતાં એટલે મને બાપ જેવ રાખતા. મેં મારા અબ્બાજાનનું ખેતર અને પાકનો અર્ધો હિસ્સો આપતા. હું દશમાં ધોરણમાં હતો ત્યારે એક ઘટના બની.

(ક્રમશઃ)